દાખલ તારીખ :-૧૫/૧૦/૨૦૦૧
ફેંસલ તારીખ :- ૦૫/૧૦/૨૦૨૪
સમયગાળો :- વર્ષ મહિના દિવસ
૨૨ ૧૧ ૨૧

# અમદાવાદ શહેરના પમાં અધિક મુખ્ય જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.

---

## ક્રિમીનલ કેસ નંબર:-૨૩૫૧/૨૦૦૧

(ચુકાદાની તારીખ:-૦૫/૧૦/૨૦૨૪)

**આંક-૨૩**

| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|
| પોલીસ સ્ટેશન :- | વટવા પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૭૧/૨૦૦૧ |
| ગુનો :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૦ |

**FORM-A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૦ |
| ફરિયાદી :- | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી-ગૌરવ હર્ષદભાઈ ઠાકર) |
| વિ.એ.પી.પી.શ્રી :- | શ્રી કે. કે. યોગી |
| આરોપી :- | અજુજી રહેમાન રહેમતખાન પઠાણ,<br>રહે. શાહપુર દરવાજા, અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :- | સુશ્રી એ.જે. વૈષ્ણવ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :- | તા.૧૫/૦૮/૨૦૦૧ |
| ફરિયાદની તારીખ :- | તા.૧૬/૦૮/૨૦૦૧ |
| ચાર્જશીટની તારીખ :- | તા.૧૫/૧૦/૨૦૦૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :- | તા.૨૩/૦૩/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :- | તા.૧૦/૦૫/૨૦૨૧ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :- | તા.૨૦/૦૯/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીની વિગતો :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અજુજી રહેમાન રહેમતખાન પઠાણ | ૨૧/૦૯/૨૦૦૧ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૮૦ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

**FORM-C**

## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

### –: <u>મૌખિક પુરાવો</u> :–

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ભારતસિંગ નાથુસિંગ પાલ | પંચ સાહેદ | ૦૫ |
| ૨. | ખ્યાલીલાલ અમરતલાલ જૈન | પંચ સાહેદ | ૦૭ |
| ૩. | વિજયસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ | પંચ સાહેદ | ૦૮ |
| ૪. | કમલેશભાઈ છોટાલાલ શર્મા | સાહેદ | ૧૦ |
| ૫. | રામભાઈ કાળુભાઈ કુંભારવાડીયા | ત.ક.અધિકારી | ૧૧ |
| ૬. | મોહમદહુસેન લતીફભાઈ મોદન | સાહેદ | ૧૪ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૦૬ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૦૯ |
| ૩. | ફરિયાદ | ૧૨ |
| ૪. | ચાર્જ અમલદારનો રીપોર્ટ | ૧૩ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત

## મુદ્દામાલ પાવતી નં.૩૬૪/૨૦૦૧, તા.૨૩/૦૮/૨૦૦૧

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | લોખંડની સીડી–૧ |
| ૨. | ૨ | લોખંડની ચેનલ –૧ |
| ૩. | ૩ | લોખંડની ગડર–૧ |
| ૪. | ૪ | પીલર નંગ–૨ |
| ૫. | ૫ | પતરાની પેટી–૧ |
| ૬. | ૬ | લોખંડની ટાંકી–૧ |
| ૭. | ૭ | વેલ્ડર મશીન–૧ |
| ૮. | ૮ | સ્વીચ–બોર્ડ, સ્ટાટર અન ફ્યુઝ બોર્ડ–૧૦ |
| ૯. | ૯ | પંખો પુટેલો–૧ |
| ૧૦. | ૧૦ | વોટર પંપ–૧ |

| | | |
|---|---|---|
| ૧૧. | ૧૧ | ઈલેકટ્રીક મોટરો નાનો મોટી –૧૦ |
| ૧૨. | ૧૨ | ઈલેકટ્રીક પંપ સાથેની મોટર –૧ |
| ૧૩. | ૧૩ | લોખંડની ઈંગલો |
| ૧૪. | ૧૪ | લોખંડનો ગીયર બોક્ષ–૧ |
| ૧૫. | ૧૫ | બેટરી નંગ–૨ |
| ૧૬. | ૧૬ | લોખંડનો ઓઈલ પંપ–૧ |
| ૧૭. | ૧૭ | લોખંડનું દૂધ પીલવાનું મશીન–૧ |
| ૧૮. | ૧૮ | વજન કાંટો–૧ |
| ૧૯. | ૧૯ | વાલ્વના નાના મોટા નંગ–૦૯ |
| ૨૦. | ૨૦ | કેબલ વાયર |
| ૨૧. | ૨૧ | કેબલ વાયર |
| ૨૨. | ૨૨ | ચેઈન ચકકરનું બોક્ષ–૧ |
| ૨૩. | ૨૩ | કેબલ વાયર |
| ૨૪. | ૨૪ | સ્ટીલના પાઈપો નાની– મોટી |
| ૨૫. | ૨૫ | સ્ટીલની ટાંકી–૧ |
| ૨૬. | ૨૬ | સ્ટીલના વાલ્વ |
| ૨૭. | ૨૭ | લોખંડનો વાલ્વ–૧૦ |
| ૨૮. | ૨૮ | લોખંડનું કેન–૧ |
| ૨૯. | ૨૯ | હેવી મશીન હેવી મોટર પુલી સાથેનું–૧ |

-

## –: <u>ચુકાદો</u> :–

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે આરોપીએ તા.૧૫/૦૮/૨૦૦૧ ના કલાક–૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદી–ગૌરવ હર્ષદભાઈ ઠાકરની વટવા નારોલ રોડ પરની બંસીધર કોમ્પ્લેક્ષમાં આવેલ કૃષ્ણા ડેરીમાં પડોશી ગેરેજમાંથી પાના પકકડ મેળવી ડેરના મુખ્ય દરવાજામાં આવેલ નાના દરવાજાની ચાવી પોતાની પાસે રહેતી હોય તેમાથી તાળુ ખોલી ગેર કાયદેસર પ્રવેશ કરી સર સામાન ભરેલી ભાડાની ટ્રક તથા મજુરોના સર સામાનની ચોરી કરી ભરી લઈ જઈ કિંમત રૂ.૨,૪૯,૦૦૦/– ની મતાની ચોરી કરેલ હતી. આથી, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપેલ હતી અને તેનાં અનુસંધાને વટવા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના

રજીસ્ટર નં.૩૭૧/૨૦૦૧ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૩૮૦ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ–૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી અને તપાસનાં અંતે આરોપીની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ– ૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે સંહિતાની કલમ –૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત દ્વારા આંક–૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીને તેઓ વિરુધ્ધની પુરાવાની હકીકતો તેમજ સંજોગો સમજાવવામાં આવેલ અને સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં તેઓની સામેના પુરાવાની હકીકતોનો ફકત ઈન્કાર જ કરેલ છે અને જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ પોતાના બચાવમાં સાહેદ તપાસવામાં માંગતા નથી કે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેવું પણ જણાવેલ છે.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે આરોપીએ તા.૧૫/૦૮/૨૦૦૧ ના કલાક–૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદી–ગૌરવ હર્ષદભાઈ ઠાકરની વટવા નારોલ રોડ પરની બંસીધર

કોમ્પ્લેક્ષમાં આવેલ કૃષ્ણા ડેરીમાં પડોશી ગેરેજમાંથી પાના પકકડ મેળવી ડેરના મુખ્ય દરવાજામાં આવેલ નાના દરવાજાની ચાવી પોતાની પાસે રહેતી હોય તેમાથી તાળુ ખોલી ગેર કાયદેસર પ્રવેશ કરી સર સામાન ભરેલી ભાડાની ટ્રક તથા મજુરોના સર સામાનની ચોરી કરી ભરી લઈ જઈ કિંમત રૂ.૨,૪૯,૦૦૦/- ની મતાની ચોરી કરી, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૦ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**:: કા ર ણો ::**

(૮.૦૧) **<u>મુદ્દા નં.૧ અને ૨:</u>**

આ કામમાં આરોપીની સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૮૦ મુજબનાં ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષે આરોપીની સામેનાં તહોમતને પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા અત્રે એ નોંધવું જરૂરી છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના ત્રણ સિધ્ધાંતો મુખ્યત્વે પ્રસ્થાપિત થયેલ છે, જેમાં (૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે ; (૨) આરોપી નિર્દોષ હોવાનું માનવાનું છે ; અને,(૩) ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો કયારેય તબદીલ થતો નથી. આ રીતે, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો લક્ષમાં રાખી આ કેસમાં ફરિયાદ પક્ષે જે કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૮.૦૨) આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોતા આ કામના ફરિયાદી-ગૌરવ હર્ષદભાઈ ઠાકરને આંક-૧૫ તથા પંચ સાહેદ-બાબુભાઈ ગોપાલસીંગ સીંગને આંક-૧૬ તથા સાહેદ- ચંદ્રમા ગુજબ પ્રસાદને આંક-૧૭ તથા સાહેદ-ફારૂકભાઈ અબ્દુલરઉફ઼ુ શેખને આંક-૧૮ તથા સાહેદ-જમીર અહેમદ ઈસ્માઈલ અહેમદ શેખને આંક-૧૯ તથા સાહેદ-શકીલભાઈ સાબીરભાઈ શેખને આંક-૨૦ તથા સાહેદ-ફરીદમીયા નુરમીંયા શેખને આંક-૨૧ તથા સાહેદ-સોનુ સુરેશભાઈ જૈન તથા સાહેદ-સુરેશભાઈ ચુનીલાલ જૈનને આંક-૨૨ થી પ્રોસેસ કાઢવામાં આવેલ તે પ્રોસેસ લક્ષમાં લેતા તેઓ

દર્શાવેલ સરનામે મળી આવેલ નથી તેવા શેરા તથા નિવેદન સાથે પરત આવેલ હોય તે કારણોસર સદરહું સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલ નથી.

(૮.૦૩) આ કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની સમાલોચના કરવામાં આવે તો એ ફલિત થાય છે કે ફરિયાદ પક્ષના કેસ મુજબ, એક પણ સાહેદ નજરે જોનાર સાહેદ નથી. અત્રે એ હકિકતની નોંધ લેવી જરૂરી બની રહે છે કે આરોપી વિરૂદ્ધનો ફરિયાદ પક્ષનો કેસ સાંયોગીક પુરાવાના પાયા ઉપર રહેલો છે કારણ કે ફરિયાદીના ગેરેજમાંથી ચોરી થયાના બનાવના કોઇ નજરે જોનાર સાહેદ નથી. ફોજદારી કાયદાનો એ પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે સાંયોગીક પુરાવા ઉપરના કેસમાં ફરિયાદ પક્ષે ત્રણ શરતો સંતોષવી પડે છેઃ

(ક) *જે સંજોગોમાંથી દોષિતપણાનું અનુમાન કરવાનું છે તે સંજોગો સબળ, સચોટ, સ્વીકાર્ય અને મક્કમતાપૂર્વક સાબિત થવા જોઇએ.*

(ખ) *તેવા સંજોગો અસંદિગ્ધ અને ચોક્કસ વલણવાળા આરોપીના દોષિતપણા તરફ અચૂકપણે નિશાન કરતા હોવા જોઇએ.*

(ગ) *જો સંજોગોને સંયુક્તપણે વંચાણે લેવામાં આવે તો એક કડી બનાવવા જોઇએ અને તે એવી સંપૂર્ણ કે માનવની તમામ સંભાવનાઓની અંદર, ગુન્હો આરોપી દ્વારા આચરવામાં આવેલ હતો અને અન્ય કોઇ દ્વારા નહિ તેવા નિષ્કર્ષ માંથી કોઇ છટકબારી ન રહે અને તે કડી એવી સંપૂર્ણ હોય કે આરોપીની દોષિપણા સિવાયના કોઇ પણ અનુમાનના સ્પષ્ટીકરણ કરવા માટે અસક્ષમ હોય. તદ્ઉપરાંત સાંયોગીક પુરાવાના મુખ્યત્વે કેસોમાં હંમેશા એવો ભય હોય છે કે અનુમાન અથવા શંકા કાયદાકીય પુરાવાનું સ્થાન લઇ શકે અને આવો ભય પછી તે ગમે તેટલો મજબૂત હોય તેને સાબિતીનું સ્થાન આપવું જોઇએ નહિં. અદાલતે સચેત રહેવાનું છે અને ઘ્યાન રાખવાનું છે કે અનુમાનો કે શંકાઓ કાયદાકીય પુરાવાનું સ્થાન ન લે. અદાલતને ખુદને એવી તૃપ્તતા થવી જોઇએ કે પુરાવાની કડીના સ્વરૂપમાં સંજોગો સ્પષ્ટ રીતે પુરવાર થવા જોઇએ અને પૂર્ણ થયેલ કડી એવી હોવી જોઇએ કે આરોપીની નિર્દોષતાની વ્યાજબી શક્યતા નકારી શકાય.*

(૮.૦૪) આમ, ઉપરોકત કાનૂનજન્ય બાબતોને લક્ષમાં રાખી, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું થાય છે. આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ-કમલેશભાઈ

છોટાલાલ શર્મા (આંક–૧૦) તથા સાહેદ– મોહમદહુસેન લતીફભાઈ મોદન (આંક–૧૪) નાઓનો સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે ઘ્યાનમાં લઈએ તો આ બંન્ને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને વિમુખ થયેલા છે તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે તેઓ બનાવ બાબતે કંઈ જાણતા નથી. આમ, આ બંન્ને સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની કે ફરિયાદની કે બનાવની હકીકતોને સમર્થન આપેલું ન હોય, આ બંન્ને સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૮.૦૫) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૦૬ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ– ભારતસિંગ નાથુસિંગ પાલ (આંક–૦૫) તથા પંચ સાહેદ– ખ્યાલીલાલ અમરતલાલ જૈન (આંક–૦૭) તથા આંક–૦૯ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ– વિજયસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ(આંક–૦૮) નાઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ તમામ પંચ સાહેદો વિમુખ થયેલા છે અને તેઓ સહી કર્યા સિવાય પંચનામાની હકિકત બાબતે કંઈ જાણતા નથી. આમ, આ પંચ સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષનાં કેસની કે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલું નથી. જેથી આંક–૦૬ અને આંક–૦૯ વાળા પંચનામાની હકીકતો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ નથી.

(૮.૦૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ત.ક.અધિકારી–રામભાઈ કાળુભાઈ કુંભારવાડીયાનો આંક–૧૧ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે તા.૧૬/૦૮/૨૦૦૧ ના રોજ તેઓ વટવા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન ઈન્વેસ્ટીગેશન પી.એસ.આઈ. શ્રી મેઘાતના રૂબરૂમાં લેવાયેલ આંક–૧૨ વાળી ફરિયાદ ગુન્હો દાખલ થયા બાદ પી.આઈ.શ્રીના હુકમથી આ ગુન્હાની તપાસ તેઓની તરફ પાઠવેલ હતી તેમાં શ્રી ડી.એમ. મેઘાતની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે આંક–૧૩ વાળા ચાર્જ અમલદારના રીપોર્ટમાં શ્રી ડી.એમ.મેઘાતની સહી ઓળખી બતાવેલ છે. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે ફરિયાદ અન્વયે તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ હતાં અને ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલ હતું અને ટ્રકવાળાભાઈનું નિવેદન નોંધેલ હતું. આ સાહેદે આંક–૦૯ વાળા ગુન્હાવાળી જગ્યાના પંચનામુ તથા આંક–૦૬ વાળા રીકવરી પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને બંન્ને પંચનામા પંચોના લખાવ્યા મુજબ તેઓએ લખેલ હતા. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે બનાવવાળી જગ્યાના આજુબાજુના સાહેદોના

નિવેદનો નોંધેલ હતાં. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે તપાસ દરમ્યાન ચોરીનો મુદ્દામાલ અમરાઈવાડી પોલીસ સ્ટેશનની હદમાં આરોપીએ મુકાવેલ હોય તે જગ્યાના ગોડાઉન ધારકના નિવેદનો તેઓએ નોંધેલ અને તે જગ્યાએ ચોરી થયેલ મુદ્દામાલ પૈકીનો અમુક મુદ્દામાલ કબજે લીધેલ હતો અને કબજે લેવાયેલ મુદ્દામાલની અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં તેઓએ મુદ્દામાલ પાવતી ફડાવેલ હતી અને મુદ્દામાલ ફરિયાદીને બતાવતા તેઓએ ઓળખી બતાવેલ હોય તે મતલબનું તેઓનું વિશેષ નિવેદન નોંધેલ હતું. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે મુદ્દામાલ તેઓએ રાઈટર હેડ વટવા પોલીસ સ્ટેશનને સોંપેલ હતો અને તેઓએ નોંધ અંગેની જરૂરી કાર્યવાહી કરેલ હતી અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં તેઓએ ચાર્જશીટ કરેલ હતું. આમ, ત.ક.અધિકારીનો પુરાવો એકંદરે જોતા તેઓએ પોતાની ફરજને અનુરૂપ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે.

(૮.૦૭) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, આ કેસમાં સાહેદ–કમલેશભાઈ છોટાલાલ શર્મા (આંક–૧૦) તથા સાહેદ– મોહમદહુસેન લતીફભાઈ મોદન (આંક–૧૪) નાઓનો પુરાવો જોતા તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ સાહેદ વિમુખ થયેલા છે. તેવી જ રીતે પંચ સાહેદ– ભારતસિંગ નાથુસિંગ પાલ (આંક–૦૫) તથા પંચ સાહેદ– ખ્યાલીલાલ અમરતલાલ જૈન (આંક–૦૭) તથા પંચ સાહેદ– વિજયસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ(આંક–૦૮) નાઓ વિમુખ થયેલ છે અને તેઓનો મૌખિક પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં આ કેસના ત.ક.અધિકારી–રામભાઈ કાળુભાઈ કુંભારવાડીયા(આંક–૧૧) નાએ પોતાની ફરજ અનુરૂપ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. તદઉપરાંત આ કેસમાં મુળ ફરિયાદી–ગૌરવ હર્ષદભાઈ ઠાકર, પંચ સાહેદ–બાબુભાઈ ગોપાલસીંગ સીંગ, સાહેદ– ચંદ્રમા ગુજબ પ્રસાદ, સાહેદ– ફારૂકભાઈ અબ્દુલરઉફુ શેખ, સાહેદ–જમીર અહેમદ ઈસ્માઈલ અહેમદ શેખ, સાહેદ–શકીલભાઈ સાબીરભાઈ શેખ, સાહેદ– ફરીદમીયા નુરમીંયા શેખ, સાહેદ–સોનુ સુરેશભાઈ જૈન અને સાહેદ–સુરેશભાઈ ચુનીલાલ જૈન નાઓ દર્શાવેલ સરનામે મળી આવતા નથી અને તે કારણસર આ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કેસમાં ફરિયાદી તથા સાહેદો મળી નહિ આવવાના કારણસર તેઓનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, રેકર્ડ ઉપર ફરિયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપીને ગુના સાથે સાંકળતો કોઈ સીધો પુરાવો આવેલ નથી. તેમજ આરોપીને આક્ષેપિત ચોરીના બનાવ સાથે જોડતી કડીની ગેરહાજરી જણાય છે. આ સંજોગોમાં જયારે આરોપીને આક્ષેપિત ચોરીના

બનાવ સાથે જોડી શકાય તેમ ન હોય અને જ્યારે પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહિં તેવું આ અદાલતનું નમ્ર પણે માનવું છે. આ તમામ બાબત લક્ષમાં લેતા ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાને લક્ષમાં લેતા આરોપીની સામેના આક્ષેપયુકત અપરાધને પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવું મારું માનવું છે. આથી ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૯.૦૦) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર તથા મુદ્દા નં.૧ નો નિર્ણય લક્ષમાં રાખી, આરોપી સામે આક્ષેપાયેલ આરોપ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**:: હુકમ ::**

(ક) આ કામનાં આરોપી– અજુજી રહેમાન રહેમતખાન પઠાણ, રહે. શાહપુર દરવાજા, અમદાવાદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૩૮૦ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ખ) આ કામે કબજે થયેલ મુદ્દામાલ અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમય બાદ શરતો ઉઠાવી લઈને કાયમ કરવામાં આવે છે, જો વચગાળા તબકકે હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી મુદ્દામાલ સંબંધિત અધિકૃત વ્યકિતને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(ગ) આરોપીનાં અગાઉનાં જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ઘ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ)અન્વયે આરોપીએ રૂ.૫,૦૦૦/–ના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૦૫મી માહે–ઓકટોબર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૫/૧૦/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
૫માં એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ શહેર
(કોડ નં.જીજે ૦૦૮૮૬)